અપીલ અરજી નં.૩૦૮ તા.૨૧–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ.પાનપાટીલની તા.૨૬–૧૦–૦૯ની અરજીથીશ્રી આધારકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ તેમજ વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ વિગેરેઓએ સુમપાના જાહેર માહિતી અધિકારી મારફત માર્ગદર્શન મેળવી જરૂરી પુરાવા, ડોકયુમેન્ટસ સાથે અરજી કરેલ જે સબંધિત અધિકારીઓને મંજુર છે કે નહી? વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૧–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૦૮/૨૦૦૯–૧૦

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૬–૧૦–૦૯ની અરજીથી શ્રી આધારકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ તેમજ વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ વિગેરેઓએ સુમપાના જાહેર માહિતી અધિકારી મારફત માર્ગદર્શન મેળવી જરૂરી પુરાવા, ડોકયુમેન્ટસ સાથે અરજી કરેલ જે સબંધિત અધિકારીઓને મંજુર છે કે નહી? વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૧૬ તા.૨૩–૧૧–૦૯ થી આપેલ માહિતી ખોટી અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્ર તિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮૧ તા.૩૧–૧ ૨–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ સાથે મુળ અરજી,મળેલ પ્રત્યુત્તર વિગેરેની વિગતોની નકલો મોકલેલ છે.

અરજદારની તા.૨૬–૧૦–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ. જે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૧૬ તા.૨૩–૧૧–૦૯ થી અરજદારને આપવામાં આવેલ છે. જેના મુદ્દા નં.૧. આધારકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ તેમજ વિજયકુમાર પાનપાટીલ વિ.એ સુમપાના માહિતી અધિકારી મારફત માર્ગદર્શન મેળવી માર્ગદર્શન પ્રમાણેના પુરાવા અને જરૂરી કિંમતના સ્પેમ્પપેપર ડોકયુમેન્ટ સાથે અરજીઓ આપેલ. તેમજ તા.૧૯–૧૦–૦૬ ના રોજ સદર બંને અરજદારઓએ અરજી આપી ત્યારે અરજી સાથે બીડાણમાં માહિતી અધિકારમાંથી મળેલા પુરાવા આપેલ છે. એ પુરાવા સબંધિત વિભાગના અધિકારીને મંજુર છે કે નહી? એની માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી કચેરીના દફતરે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં આધારભાઈ વિઠ્ઠલભાઈ પાનપાટીલ તેમજ વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ નામ દાખલ કરવા તા.૧૯–૧૦–૦૬ ના રોજ અરજી કરેલ જણાય છે. ત્યાર બાદ ૮ મહીના પછી જાહેર માહિતી અધિકારમાં આરટીઆઈ /૨૩૯ તા.૧–૬–૦૭ સીધાવેરામાં નામ દાખલ કરવા કઈ કાર્યપધ્ધતિ અપનાવાય છે જેની માહિતીની માંગણી કરેલ જણાય છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.ર. નં.આરટીઆઈ સેલ / ૨૮૯ તા.૧૯–૬–૦૯ ના પત્ર અમોને મળેલ છે જેમાં મુદ્દા નં.૫ મુળ અરજી તા.૧૯–૧૦–૦૬ વિજયકુમાર વિઠ્ઠલદાસ પાનપાટીલ નામનો ઉલ્લેખ છે. નામ કેવી રીતે બદલવામાં આવ્યું? કોણે બદલાવ્યું? એની અમોને સ્પષ્ટ માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ સેલ/૨૮૯ તા.૧૯–૬–૦૯ થી આપેલ પત્રમાં વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલને બદલે શરતચૂકથી વિજયકુમાર વિઠ્ઠલદાસ પાનપાટીલનો ઉલ્લેખ થયેલ છે તથા આકારણી દફતરે વિજયકુમાર વિઠ્ઠલદાસ પાનપાટીના નામે કોઈ ફેરફાર થયેલ નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૩. સબંધિત વિભાગના અધિકારી અથવા કર્મચારી કોઈ અરજદારના કામ અંગે રૂકાવટ પેદા કરે અથવા ભ્રષ્ટાચાર જેવા કૃત્ય હોય તો એના પર કાયદેસર શિક્ષાત્મક પગલા લેવાની માહિતી અધિકારીના કાયદામાં જોગવાઈ છે કે નહી? એની માહિતી અને સબંધિત વિભાગના માહિતી અધિકારીને જાણ હોવા છતાં ખરી માહિતી છુપાવી પોતાના જ વિભાગના ભ્રષ્ટાચારી અધિકારી અથવા કર્મચારીનો બચાવ ખાતર રૂા.૨૦/– ભરીને અરજી કરનાર અરજદારને ખોટી માહિતી આપી શકે? માહિતી અધિકારીના કયા કાયદામાં જોગવાઈ છે એની સંપૂર્ણ માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતની માહિતી જાહેર માહિતી અધિનિયમ હેઠળ આવતી ન હોવાથી સદર માહિત મળી શકે તેમ નથી તેવી માહિતી આપેલ. જેના અનુસંધાને અરજદાર ધ્વારા સબંધિત વિભાગના કર્મચારી અથવા અધિકારી અરજદારના કામ અંગે રેકાવટ પેદા કરે તો માહિતી અધિકારીએ એના પર શિક્ષાત્મક પગલા ભરી શકે નહીં એવો પ્રશ્ન પુછેલ છે તેનો જવાબ સંતોષકારક નથી? અરજદારે ખોટી માહિતી આપેલ છે તેવું જણાવી તા.૨૧–૧૨–૦૯ ના રોજ અપીલ કરેલ છે.

અરજદારની મુળ અરજી ધ્યાને લેતાં મુદ્દા નં.૧ અંગે શું માહિતી માંગેલ છે તે અંગે સ્વયં સ્પષ્ટ જણાતા નથી. તેમ છતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા હકીકતલક્ષી માહિતી આપેલ છે. પુરાવા માન્ય છે કે નહીં? તેવી ચકાસણી કે કાર્યવાહીલક્ષી બાબતો છે માહિતી પ્રકારની નથી. મુદ્દા નં.૩ અંગે અરજદારે કાલ્પનિક વિગતો જણાવ્યાનું સ્પષ્ટ થાય છે. ચોકકસ માહિતી માંગેલ જણાતી નથી. તેમ છતાં આરટીઆઈ એકટ અને નિયમોની માહિતી સુમપાની વેબસાઈટ **WWW.suratmunicipal.gov.in** પર મુકેલ છે. તેમાંથી અરજદાર યોગ્ય તે જાણકારી મેળવી શકે છે.

**હુકમ**

અરજદારનીમુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,